પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૫૦ | ૯ ઓગસ્ટ, ૨૦૧૭, બુધવાર ; શ્રાવણ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મધરાતે મતગણતરીનું મહાદંગલ

**કોંગ્રેસની માંગણીનું બળવાખોર કોંગ્રેસી ધારાસભ્યો રાઘવજી પટેલ અને ભોળાભાઈ ગોહિલના મત રદ કરવાનો ચૂંટણી પંચનો નિર્ણય**

ગાંધીનગર, તા.૮

ભારે ઉત્તેજનાત્મક વાતાવરણ વચ્ચે ચૂંટણી પંચે મોડીરાત્રે ૧૧.૩૦ કલાકે કોંગ્રેસના બે બળવાખોર ધારાસભ્યો રાઘવજી પટેલ અને ભોળાભાઈ ગોહિલના મત રદ કરવાનો આદેશ કર્યો હતો. મતગણતરી શરૂ કરવા માટે ચૂંટણી પંચે ગુજરાતના રિટર્નીંગ અધિકારીને મંજુરી આપી હતી. રાજકીય લેખાજોખાની રીતે બળવાખોર કોંગીના બે મત જે બળવંતસિંહ રાજપૂતને અપાયા હતા તે મત રદ થતાં બળવંતસિંહનું ભાવિ અનિશ્ચિત મનાઈ રહ્યું છે. અહેમદ પટેલની જીત લગભગ નિશ્ચિત મનાઈ છે. જો કે, વિધિવત મતગણતરી આ લખાય છે ત્યાં સુધી શરૂ થઈ નથી. હજુ એકાદ કલાક બાદ મતગણતરીનું અધિકૃત પરિણામ જાહેર થવાની સંભાવના છે. આખો દિવસ દાવા-પ્રતિદાવાઓ વચ્ચે સમગ્ર વાતાવરણ ઉત્તેજનાત્મક રહ્યું હતું. સચિવાલય સ્વર્ણિમ સંકુલ ખાતે રાજકીય માહોલ ગરમાયો છે. મુખ્યમંત્રીથી માંડી ભાજપના તમામ દિગ્ગજોએ સ્વર્ણિમ સંકુલમાં અડ્ડો જમાવ્યો હતો. તો સામે પક્ષે કોંગ્રેસના પ્રદેશ આગેવાનો પણ સ્વર્ણિમ સંકુલ ખાતે પહોંચ્યા છે. જો કે એકાદ કલાકમાં સમગ્ર ચિત્ર સ્પષ્ટ થશે એમ મનાય છે. રાજ્યસભાની ચૂંટણીના પરિણામોની સીધી અસર આગામી વિધાનસભાની ચૂંટણી પર પડવાની હોવાથી બંને પક્ષોએ એડીચોટીનું જોર લગાવ્યું હતું.

## ન્યુઝ ટ્રેક

### સુપ્રિમના નવા મુખ્ય ન્યાયમૂર્તિ દિપકમિશ્રા બનશે

સુપ્રિમ કોર્ટના વરિષ્ઠ ન્યાયમૂર્તિ દિપક મિશ્રા નવા મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ૨૮મી ઓગસ્ટે હોદ્દો સંભાળી લેશે.

### ગુજરાતમાંથી સૌથી વધુ નકલી નોટો પકડાઈ

લોકસભામાં સરકારે આપેલી વિગતોમાં જણાવાયું છે કે નોટબંધી પહેલા દેશમાંથી રૂ. ૨.૫૫ કરોડની નકલી નોટો ઝડપાઈ હતી. સૌથી વધુ નકલી નોટો ગુજરાતમાંથી ઝડપાઈ હતી.

### યુપી એટીએસને મળ્યા આતંકી અબ્દુલ્લાના રિમાન્ડ

ઉત્તરપ્રદેશનીએટીએસ ટીમ દ્વારા શંકાસ્પદ આતંકી અબ્દુલ્લાને મંગળવારે લખનઉની સીજેએમ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. કોર્ટે તેને ૫ દિવસના રિમાન્ડ આપ્યા હતા.

### અમે ઉત્તર કોરીયાથી ડરવાના નથી : અમેરિકા

ઉત્તર કોરિયાએ પરમાણુ હથિયારોને વિકસીત કરવાનો કાર્યક્રમ પાછો ખેંચવાનો ઈન્કાર કર્યો છે. તેના સંદર્ભે પ્રતિક્રિયા આપતા યુએનમાં અમેરિકાના કાયમી રાજદૂત નિક્કી હેલીએ કહ્યું છે કે વોશિંગ્ટન અને આંતરરાષ્ટ્રીય સમુદાય ઉત્તર કોરિયાથી ડરવાનો નથી.

### સપ્તાહમાં બે દિવસ બેંક બંધ રાખવા વિચારણા

નવી દિલ્હી,તા. ૮

સામાન્ય લોકો માટે બેંક ખુલવા અને બંધ થવાના સમયમાં ફેરફાર કરવામાં આવી શકે છે. એવી શક્યતા છે કે બેંક સવારે ૧૦ વાગ્યાના બદલે હવે ૯.૩૦ વાગ ખોલવામાં આવશે. જો એમ થશે તો બેંક કર્મચારીઓ સપ્તાહમાં માત્ર પાંચ દિવસ સુધી જ કામ કરશે. પ્રસ્તાવને મંજુરી મળશે તો બેંક ૧૦ વાગ્યાના બદલે ૯.૩૦ વાગે ખોલવામાં આવશે અને સાંજે ચાર વાગે સુધી ગ્રાહકો માટે કામ થતા રહેશે. દરેક શનિવાર અને રવિવારના દિવસે બેંકને બંધ રાખવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આ સંબંધમાં નવા પ્રસ્તાવ પર ચર્ચા ચાલી રહી છે.

### રાહુલે બે વર્ષોમાં વિદેશના પ્રવાસમાં સુરક્ષા લીધી નથી : રાજનાથસિંહ

નવીદિલ્હી,તા. ૮

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ છેલ્લા બે વર્ષમાં ૭ વિદેશી પ્રવાસ દરમિયાન સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (એસપીજી)ની સુરક્ષા લેવાનો ઈન્કાર કર્યો છે. રાજનાથસિંહે આ અંગે માહિતી આપતા કહ્યું હતું કે, રાહુલે પોતે ઈચ્છાથી સુરક્ષા લીધી નથી.

લોકસભામાં કોંગ્રેસના સાંસદોના વિરોધના સંદર્ભમાં કેન્દ્રીયમંત્રીએ પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે, કોંગ્રેસના નેતા સુરક્ષા પ્રોટોકોલ મુજબ આગળ વધી રહ્યા નથી. ગયા સપ્તાહમાં જ ગુજરાતની યાત્રા દરમિયાન રાહુલ ગાંધી ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. તેમની કાર ઉપર પથ્થરમારો કરાયો હતો. તેમણેકહ્યું હતું કે, રાહુલ ગાંધીને સુરક્ષા છત્ર લેવું જોઈએ. કારણ કે, કોઈપણ સમયે હુમલો થઈ શકે છે.

## રાજયસભા ચૂંટણીના પરિણામનું કાઉન્ટ-ડાઉન આખરે ચૂંટણીપંચમાં

**રાજયસભા ચૂંટણીમાં અભૂતપૂર્વ હાઈવોલ્ટેજ ડ્રામા, થ્રીલર, સસ્પેન્સ : રાજયસભાની ચૂંટણીમાં મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન પરંતુ મતોના વિવાદના કારણે પરિણામ જાહેર કરવાનો મામલો ચૂંટણી પંચમાં મોડીરાત સુધી ગૂંચવાયો**

ગાંધીનગર,તા. ૮

ગુજરાતના રાજકારણમાં કયારેય જોવા ના મળ્યા હોય તેવા જબરદસ્ત હાઈવોલ્ટેજ ડ્રામા, થ્રીલર અને સસ્પેન્સ વચ્ચે આજે ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે રાજયસભાની ત્રણ બેઠકો માટેની પ્રતિષ્ઠિત ચૂંટણી યોજાઈ હતી. વહેલી સવારે ૯-૦૦ ના ટકોરે શરૂ થયેલું મતદાન ત્રણ વાગતાં વહેલું પૂર્ણ થઈ ગયું હતું પરંતુ એ પહેલા વોટીંગની શરૂઆતથી લઈ પૂર્ણ થયું ત્યાં સુધીના સમયગાળા દરમ્યાન હૃદયના ધબકારા વધારતાં અનેક ચઢાવ ઉતાર અને ઘટનાક્રમ જોવા મળ્યા. વોટીંગ દરમ્યાન ક્રોસ વોટીંગનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. ખાસ કરીને ક્રોસ વોટીંગે કોંગ્રેસ અને તેના દિગ્ગજ



નેતાઓના પળેપળ ધબકારા વધાર્યા હતા. મોડી સાંજે કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો રાઘવજી પટેલ અને ભોળાભાઈ ગોહિલના મતો સામે વાંધો ઉઠાવતી કોંગ્રેસની ફરિયાદ અને કોંગ્રેસના ધારાસભ્યો શૈલેષ પરમાર અને મીતેષ ગરાસીયાના મતો રદ કરાવવા ભાજપની ફરિયાદને લઈ મોડી રાત સુધી મતગણતરીનો મામલો કેન્દ્રીય ચૂંટણીપંચ સમક્ષ ગૂંચવાયો હતો અને ટલ્લે ચઢયો હતો. ગુજરાત સહિત દેશભરની નજર રાજયસભાના આ પરિણામ પર મંડાઈ હતી. રાજયસભાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા બાદ કોંગ્રેસ પક્ષે અચાનક જ ચોંકાવનારો ધડાકો કરતો આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો રાઘવજી પટેલ અને ભોળાભાઈ ગોહિલે મતદાન દરમ્યાન ભાજપ અને કોંગ્રેસના બંને અધિકૃત એજન્ટોને તેમનો મત બતાવ્યો હતો અને તેથી ચૂંટણી

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણી પંચમાં સામ સામે ફરિયાદ

### કોંગ્રેસે કેન્દ્રીય ચૂંટણી પંચમાં પણ ફરિયાદ કરી

કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો રાઘવજી પટેલ અને ભોળાભાઈ ગોહિલના મતો રદ કરવા મુદ્દે કોંગ્રેસપક્ષના રાષ્ટ્રીય નેતાઓ દ્વારા સાંજે અરજન્ટ ધોરણે કેન્દ્રીય ચૂંટણી પંચને ફરિયાદ કરવામાં આવી હતી. કોંગ્રેસે ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી કે, કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો રાઘવજી પટેલ અને ભોળાભાઈ ગોહિલે મતદાન દરમ્યાન ભાજપ અને કોંગ્રેસના બંને અધિકૃત એજન્ટોને તેમનો મત બતાવ્યો હતો અને તેથી ચૂંટણી નિયમો-જોગવાઈ મુજબ, આ બંને ધારાસભ્યોના મતો રદ થવાને પાત્ર ઠરે છે, તેથી તેમના મત રદ કરવા જોઈએ. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રણદીપ સૂરજેવાલાએ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસના આ બંને ધારાસભ્યોએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની અને બળવંતસિંહ રાજપૂતને તેમના મતો બતાવ્યા હતા, જે ગેરકાયદે છે અને તેથી તેમના મતો રદ થાય.

### મોડી સાંજે ભાજપે પણ ચૂંટણી પંચને રજૂઆત કરી

કોંગ્રેસની ફરિયાદને પગલે ગુજરાતની રાજયસભાની ચૂંટણીની મતગણતરી બે કલાક કરતાં વધુ સમય સુધી અટકેલી રહેતાં મોડી સાંજે ભાજપના રાષ્ટ્રીય નેતાઓ અરૂણ જેટલી,, રવિશંકર પ્રસાદ, મુખ્તાર અબ્બાસ નકવી અને પિયુષ ગોયેલ પણ કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરવા દોડી ગયા હતા. ભાજપ તરફથી કેન્દ્રીય ચૂંટણી પંચને કોંગ્રેસની ફરિયાદ અસ્થાને હોવાની અને ટકી શકે તેમ ન હોઈ તેને ફગાવી દેવા રજૂઆત કરાઈ હતી. ભાજપના બંને રાષ્ટ્રીય નેતાઓએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના બળવાખોર નેતાઓ રાઘવજી પટેલ અને ભોળાભાઈ ગોહિલે સવારે ૯-૨૦ મિનિટે મતો મતપેટીમાં નાંખ્યા હતા તો કોંગ્રેસે એ વખતે કેમ ફરિયાદ ના ઉઠાવી અને હવે કોંગ્રેસને તેની હાર દેખાઈ ત્યારે ખોટા વાંધાઓ ઉઠાવી મતગણતરીની પ્રક્રિયા વિલંબિત કરી રહી છે.

### ભાજપ બાદ કોંગ્રેસના નેતાઓ ફરી ચૂંટણીપંચને મળ્યા

ભાજપના નેતાઓ કેન્દ્રીય ચૂંટણી પંચને રજૂઆત કરી નીકળ્યા કે તરત જ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ આનંદ શર્મા અને રણદીપ સૂરજેવાલા પણ કેન્દ્રીય ચૂંટણીપંચને ફરી મળવા આવ્યા હતા. કોંગ્રેસના નેતાઓએ બળવાખોર ધારાસભ્યોના મતો ગેરકાયદે હોઈ તેને રદ કરવા માંગણી કરી હતી. કોંગ્રેસના બંને રાષ્ટ્રીય નેતાઓએ ભાજપ પર ગંભીર આક્ષેપ કર્યો હતો કે, ભાજપ સત્તાની લાલચમાં લોકશાહીના મૂલ્યો નેવે મૂકી રહી છે અને કેન્દ્રીય ચૂંટણી પંચ પર પણ દબાણ કરી રહી છે.

## વિવાદાસ્પદ જમીન પર જ રામ મંદિરનું નિર્માણ કરવામાં આવે

**શિયા વક્ફ બોર્ડ દ્વારા આ મામલામાં સુપ્રીમ કોર્ટમાં રજૂઆત થઈ : મંદિરના થોડાક અંતરે મુસ્લિમ વિસ્તારમાં મસ્જિદ બનાવવા માટેની રજૂઆત કરાઈ**

નવી દિલ્હી,તા.૮

રામજન્મભૂમિ બાબરી મસ્જિદ વિવાદમાં એક નવો વળાંક આવી ગયો છે. ઉત્તર પ્રદેશના સિયા સેન્ટ્રલ વક્ફ બોર્ડે સુપ્રીમ કોર્ટમાં આજે કહ્યું હતું કે, વિવાદાસ્પદ જમીન ઉપર રામ મંદિર બનવું જોઈએ અને તેનાથી થોડાક અંતરે મુસ્લિમ વિસ્તારમાં મસ્જિદ પણ બનવી જોઈએ. શિયા વક્ફ બોર્ડે મુસ્લિમ વર્ચસ્વવાળા વિસ્તારમાં મસ્જિદ બનાવવાની વાત કરીને વિવાદાસ્પદ રામજન્મભૂમિ સ્થળ પર મંદિરની વાત કરી છે. વિવાદાસ્પદ જમીન પર રામ મંદિર બનાવવાની તરફેણ કરીને એક નવી ચર્ચા જગાવી દીધી છે. શિયા વક્ફ બોર્ડે દાવો કર્યો છે કે, બાબરી મસ્જિદ શિયા વક્ફની હતી જેથી આ મામલામાં બીજા પક્ષકારોની સાથે વાતચીત કરીને એક શાંતિપૂર્ણ સમાધાન સુધી પહોંચવા માટે અધિકાર માત્ર તેની પાસે જ છે. બીજી બાજુ બાબરી મસ્જિદ એક્શન કમિટિ તરફથી કહેવામાં આવ્યું છે કે, કાયદાની નજરમાં આ એફિડેવિટનું કોઈ વધારે મહત્વ નથી. ૩૦ પાનાની એફિડેવિટને ઉપયોગી તરીકે ગણવામાં આવી રહી છે. શિયા વક્ફ બોર્ડનું કહેવું છે કે, જો મંદિર અને મસ્જિદનું

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરને ખાસ દરજ્જા મામલે કેન્દ્ર પાસે જવાબની માંગ

**સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસે જવાબની માંગ કરી : ચાર સપ્તાહની અંદર જવાબ આપવા માટે આદેશ કરાયો બંધારણની કલમ ૩૭૦ની કાયદેસરતાને પડકાર ફેંકાયો**

નવીદિલ્હી,તા. ૮

સુપ્રીમ કોર્ટે જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપવાના સંદર્ભમાં કેન્દ્ર સરકારના જવાબની માંગણી કરી છે. દિલ્હી હાઈકોર્ટ સામે દાખલ કરવામાં આવેલી અરજી ઉપર કેન્દ્ર સરકાર પાસેથી સુપ્રીમ દ્વારા જવાબની માંગ કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર બંધારણની કલમ ૩૭૦ની કાયદેસરતાને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દેવામાં આવી હતી. ચીફ જસ્ટિસ જેએસ ખેહરના નેતૃત્વમાં બેંચે કેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર




